CAREERINDIA

# PAPER-II
# GUJARATI

**Signature and Name of Invigilator**

1. (Signature) ___________________________
   (Name) ___________________________
2. (Signature) ___________________________
   (Name) ___________________________

OMR Sheet No. : ..............................................
(To be filled by the Candidate)

Roll No. | | | | | | | | |
(In figures as per admission card)

Roll No.___________________________________
(In words)

**D 3 7 1 4**

Time : **1 1/4** hours] [Maximum Marks : **100**

Number of Pages in this Booklet : **12** Number of Questions in this Booklet : **50**

## Instructions for the Candidates

1. Write your roll number in the space provided on the top of this page.
2. This paper consists of fifty multiple-choice type of questions.
3. At the commencement of examination, the question booklet will be given to you. In the first 5 minutes, you are requested to open the booklet and compulsorily examine it as below :
   (i) To have access to the Question Booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker-seal and do not accept an open booklet.
   (ii) **Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of 5 minutes. Afterwards, neither the Question Booklet will be replaced nor any extra time will be given.**
   (iii) After this verification is over, the OMR Sheet Number should be entered on this Test Booklet.
4. Each item has four alternative responses marked (A), (B), (C) and (D). You have to darken the circle as indicated below on the correct response against each item.
   **Example :** Ⓐ Ⓑ ● Ⓓ
   where (C) is the correct response.
5. Your responses to the items are to be indicated in the **OMR Sheet given inside the Paper I Booklet only.** If you mark at any place other than in the circle in the OMR Sheet, it will not be evaluated.
6. Read instructions given inside carefully.
7. Rough Work is to be done in the end of this booklet.
8. If you write your Name, Roll Number, Phone Number or put any mark on any part of the OMR Sheet, except for the space allotted for the relevant entries, which may disclose your identity, or use abusive language or employ any other unfair means such as change of response by scratching or using white fluid, you will render yourself liable to disqualification.
9. You have to return the test question booklet and Original OMR Sheet to the invigilators at the end of the examination compulsorily and must not carry it with you outside the Examination Hall. You are, however, allowed to carry original question booklet and duplicate copy of OMR Sheet on conclusion of examination.
10. **Use only Blue/Black Ball point pen.**
11. **Use of any calculator or log table etc., is prohibited.**
12. **There is no negative marks for incorrect answers.**

## परीक्षार्थियों के लिए निर्देश

1. इस पृष्ठ के ऊपर नियत स्थान पर अपना रोल नम्बर लिखिए ।
2. इस प्रश्न-पत्र में पचास बहुविकल्पीय प्रश्न हैं ।
3. परीक्षा प्रारम्भ होने पर, प्रश्न-पुस्तिका आपको दे दी जायेगी । पहले पाँच मिनट आपको प्रश्न-पुस्तिका खोलने तथा उसकी निम्नलिखित जाँच के लिए दिये जायेंगे, जिसकी जाँच आपको अवश्य करनी है :
   (i) प्रश्न-पुस्तिका खोलने के लिए उसके कवर पेज पर लगी कागज की सील को फाड़ लें । खुली हुई या बिना स्टीकर-सील की पुस्तिका स्वीकार न करें ।
   (ii) **कवर पृष्ठ पर छपे निर्देशानुसार प्रश्न-पुस्तिका के पृष्ठ तथा प्रश्नों की संख्या को अच्छी तरह चैक कर लें कि ये पूरे हैं । दोषपूर्ण पुस्तिका जिनमें पृष्ठ/प्रश्न कम हों या दुबारा आ गये हों या सीरियल में न हों अर्थात् किसी भी प्रकार की त्रुटिपूर्ण पुस्तिका स्वीकार न करें तथा उसी समय उसे लौटाकर उसके स्थान पर दूसरी सही प्रश्न-पुस्तिका ले लें । इसके लिए आपको पाँच मिनट दिये जायेंगे । उसके बाद न तो आपकी प्रश्न-पुस्तिका वापस ली जायेगी और न ही आपको अतिरिक्त समय दिया जायेगा ।**
   (iii) इस जाँच के बाद OMR पत्रक की क्रम संख्या इस प्रश्न-पुस्तिका पर अंकित कर दें ।
4. प्रत्येक प्रश्न के लिए चार उत्तर विकल्प (A), (B), (C) तथा (D) दिये गये हैं । आपको सही उत्तर के वृत्त को पेन से भरकर काला करना है जैसा कि नीचे दिखाया गया है ।
   **उदाहरण :** Ⓐ Ⓑ ● Ⓓ
   जबकि (C) सही उत्तर है ।
5. प्रश्नों के उत्तर **केवल प्रश्न पत्र I के अन्दर दिये गये OMR पत्रक पर ही** अंकित करने हैं । यदि आप OMR पत्रक पर दिये गये वृत्त के अलावा किसी अन्य स्थान पर उत्तर चिह्नांकित करते हैं, तो उसका मूल्यांकन नहीं होगा ।
6. अन्दर दिये गये निर्देशों को ध्यानपूर्वक पढ़ें ।
7. कच्चा काम (Rough Work) इस पुस्तिका के अन्तिम पृष्ठ पर करें ।
8. यदि आप OMR पत्रक पर नियत स्थान के अलावा अपना नाम, रोल नम्बर, फोन नम्बर या कोई भी ऐसा चिह्न जिससे आपकी पहचान हो सके, अंकित करते हैं अथवा अभद्र भाषा का प्रयोग करते हैं, या कोई अन्य अनुचित साधन का प्रयोग करते हैं, जैसे कि अंकित किये गये उत्तर को मिटाना या सफेद स्याही से बदलना तो परीक्षा के लिये अयोग्य घोषित किये जा सकते हैं ।
9. आपको परीक्षा समाप्त होने पर प्रश्न-पुस्तिका एवं मूल OMR पत्रक निरीक्षक महोदय को लौटाना आवश्यक है और परीक्षा समाप्ति के बाद उसे अपने साथ परीक्षा भवन से बाहर न लेकर जायें । हालांकि आप परीक्षा समाप्ति पर मूल प्रश्न-पुस्तिका तथा OMR पत्रक की डुप्लीकेट प्रति अपने साथ ले जा सकते हैं ।
10. **केवल नीले/काले बाल प्वाईंट पेन का ही इस्तेमाल करें ।**
11. **किसी भी प्रकार का संगणक (कैलकुलेटर) या लाग टेबल आदि का प्रयोग वर्जित है ।**
12. **गलत उत्तरों के लिए कोई नकारात्मक अंक नहीं हैं ।**

www.careerindia.com

CAREERINDIA

# GUJARATI

## પ્રશ્નપત્ર – II

**નોંધ :** આ પ્રશ્નપત્રમાં **પચાસ (50)** બહુવિકલ્પી પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નના **બે (2)** ગુણ છે. **બધા** પ્રશ્નો ફરજિયાત છે.

**1.** 'આઠ કૂવા, નવ વાવડી રે લોલ' પંક્તિના કવિ જણાવો.

(A) રાજે (B) દયારામ

(C) લોકકવિ (D) રણછોડ

**2.** સહજાનંદ સ્વામીની જીવનલીલા આલેખતી નિષ્કુળાનંદની રચનાનું નામ જણાવો.

(A) પદ્મપુરાણ (B) હરિલીલામૃત

(C) સ્વામીચરિત (D) ભક્ત ચિંતામણિ

**3.** 'ચતુર ચાલીશી' રચનાના કવિનું નામ જણાવો.

(A) વિશ્વનાથ જાની (B) નરસિંહ

(C) વસ્તો (D) નાકર

**4.** 'સોગઠાનો ગરબો' રચનાના કવિનું નામ જણાવો.

(A) ભાણદાસ (B) વલ્લભ

(C) નાકર (D) રણછોડ

**5.** નીચેનામાંથી કયા કવિ પ્રેમલક્ષણાધારાના નથી ?

(A) દયારામ (B) જીવણદાસ

(C) પ્રેમસખી (D) ધીરો

**6.** 'બોલ બોલ રે પ્રીતમ મુજ શું' પંક્તિના કવિ જણાવો.

(A) દેવાનંદ (B) પ્રીતમ

(C) ઉદયરત્ન (D) મોરાર

**7.** નીચેનામાંથી કયું કાવ્ય ન્હાનાલાલનું નથી ?

(A) વિલાસની શોભા (B) સારસના શબ્દ

(C) કિંજલ્કિની (D) વિહંગરાજ

**8.** નીચેનામાંથી કયું નાટક બકુલ ત્રિપાઠીનું છે ?

(A) લીલા (B) વતેસરની વાત

(C) મધરાતે મહેમાન (D) પારખું

**9.** કયા છંદમાં એકત્રીસ માત્રા હોય છે ?

(A) હરિગીત
(B) સવૈયા
(C) સોરઠો
(D) મનહર

**10.** કાલાનુક્રમે ગોઠવો.

(A) રજપુતાણી, ગોવાલણી, સૌભાગ્યવતી, વિદુલા
(B) રજપુતાણી, ગોવાલણી, વિદુલા, સૌભાગ્યવતી
(C) ગોવાલણી, સૌભાગ્યવતી, રજપુતાણી, વિદુલા
(D) ગોવાલણી, રજપુતાણી, સૌભાગ્યવતી, વિદુલા

**11.** કાલાનુક્રમે ગોઠવો.

(A) ઈંગ્લેંડમાં પ્રવાસ, ગરેટ બરીટનની મુસાફરી, ઈંગ્લેંડની મુસાફરીનું વર્ણન, ગોમંડળ પરિક્રમા
(B) ગોમંડળ પરિક્રમા, ઈંગ્લેંડની મુસાફરીનું વર્ણન, ગરેટ બરીટનની મુસાફરી, ઈંગ્લેંડમાં પ્રવાસ
(C) ગરેટ બરીટનની મુસાફરી, ઈંગ્લેંડની મુસાફરીનું વર્ણન, ઈંગ્લેંડમાં પ્રવાસ, ગોમંડળ પરિક્રમા
(D) ઈંગ્લેંડની મુસાફરીનું વર્ણન, ગરેટ બરીટનની મુસાફરી, ગોમંડળ પરિક્રમા, ઈંગ્લેંડમાં પ્રવાસ

**12.** કાલાનુક્રમે ગોઠવો.

(A) ધ્વનિ, શાંત કોલાહલ, શ્રુતિ, આંદોલન
(B) શ્રુતિ, ધ્વનિ, આંદોલન, શાંત કોલાહલ
(C) આંદોલન, શ્રુતિ, શાંત કોલાહલ, ધ્વનિ
(D) ધ્વનિ, આંદોલન, શ્રુતિ, શાંત કોલાહલ

**13.** કાલાનુક્રમે ગોઠવો.

(A) નિરંજન, સોરઠ તારાં વહેતાં પાણી, વેવિશાળ, તુલસીક્યારો
(B) સોરઠ તારાં વહેતાં પાણી, નિરંજન, તુલસીક્યારો, વેવિશાળ
(C) વેવિશાળ, તુલસીક્યારો, સોરઠ તારાં વહેતાં પાણી, નિરંજન
(D) તુલસીક્યારો, નિરંજન, વેવિશાળ, સોરઠ તારાં વહેતાં પાણી

**14.** કાલાનુક્રમે ગોઠવો.

(A) લલિતા દુ:ખદર્શક, હરિશ્ચન્દ્ર, જયકુમારી વિજય, પ્રેમરાય અને ચારૂમતી
(B) જયકુમારી વિજય, લલિતા દુ:ખદર્શક, હરિશ્ચન્દ્ર, પ્રેમરાય અને ચારૂમતી
(C) પ્રેમરાય અને ચારૂમતી, જયકુમારી વિજય, લલિતા દુ:ખદર્શક, હરિશ્ચન્દ્ર
(D) જયકુમારી વિજય, હરિશ્ચન્દ્ર, લલિતા દુ:ખદર્શક, પ્રેમરાય અને ચારૂમતી

**15.** સર્વથા સુસંગત જૂથ જણાવો.

(A) ગોવર્ધનરામ : નવલકથા, નાટક, કવિતા, વિવેચન

(B) નરસિંહરાવ : કવિતા, વિવેચન, નાટક, સંશોધન

(C) બ.ક. ઠાકોર : વાર્તા, કવિતા, વિવેચન, નાટક

(D) અનિરૂદ્ધ બ્રહ્મભટ્ટ : નિબંધ, કવિતા, વિવેચન, નવલકથા

**16.** સર્વથા સુસંગત જૂથ જણાવો.

(A) ખંડકાવ્ય : છંદોવૈવિધ્ય, ભાવપરિવર્તન, નાટયાત્મકતા, ઊર્મિનો અભાવ

(B) કરૂણપ્રશસ્તિ : કરૂણતા, પ્રશંસા, જીવિત ચરિત્ર, ચિંતન

(C) સૉનેટ : લયાત્મકતા, ભાવપરિવર્તન, ચૌદ પંક્તિ, ઊર્મિ-વિચાર સંયોજન

(D) હાઈકૂ : વર્ણનાત્મકતા, ચિત્રાત્મકતા, સત્તર પંક્તિ, નાટયાત્મકતા

**17.** સર્વથા સુસંગત જૂથ જણાવો.

(A) બુદ્ધિપ્રકાશ, ડાંડિયો, સ્ત્રીબોધ, સુદર્શન : સુધારક યુગ

(B) પ્રિયંવદા, વસંત, જ્ઞાનસુધા, વરતમાનપત્ર : પંડિત યુગ

(C) વીસમી સદી, સંસ્કૃતિ, દક્ષિણા, સમર્પણ : ગાંધી યુગ

(D) ક્ષિતિજ, રેખા, સંજ્ઞા, તથાપિ : આધુનિક યુગ

**18.** સર્વથા સુસંગત જૂથ જણાવો.

(A) રસ : સ્થાયિ, વ્યભિચારી, ચર્વણા, વિઘ્ન

(B) ધ્વનિ : લક્ષ્યાર્થબાધ, અભિહિતાન્વય, અનુભાવ, સંલક્ષ્યક્રમ

(C) વક્રોક્તિ : પદપરાર્ધ, પ્રબંધ, શૈયા, નિદિધ્યાસન

(D) રમણીયતા : ઓજસ, નવતા, મિત્રાત્મકતા, વસ્તુપરકતા

**19.** સર્વથા સુસંગત જૂથ જણાવો.

(A) ઢ્ : અલ્પપ્રાણ, તાલવ્ય, ઘોષ

(B) ખ્ : મહાપ્રાણ, કંઠ્ય, અઘોષ

(C) મ્ : મહાપ્રાણ, દંત્ય, ઘોષ

(D) ષ્ : અલ્પપ્રાણ, મૂર્ધન્ય, અઘોષ

**20.** સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) સ્નેહરશ્મિ : પનઘટ, નિજલીલા, કેવળવીજ, ઉજાણી

(B) મકરંદ દવે : ગોરજ, સૂરજમુખી, તાઈકો, બે ભાઈ

(C) જયંતી દલાલ : મુકમ્ કરોતિ, યુધિષ્ઠિર, ઉત્તરા અને અભિમન્યુ, પગદીવાની પછીતેથી

(D) ખબરદાર : દર્શનિકા, રાષ્ટ્રિકા, શ્રીજી ઈરાનશાહનો પવાડો, ધ સિલ્કન ટેસલ

CAREERINDIA

**21.** સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) નવજાગરણ, ખંડન, ગદ્યાન્વેષણ, ભાવોદ્રેક : સુધારક યુગ

(B) તત્ત્વાન્વેષણ, સંસ્કૃતિચિંતન, આદર્શીકરણ, મંથન : પંડિત યુગ

(C) ગ્રામચેતના, વાસ્તવાનુરાગ, વિશ્વૈક્ય, સ્વાતંત્ર્ય : ગાંધી યુગ

(D) સૌંદર્યાનુરાગ, નગરચેતના, હતાશા, ઈન્દ્રિયપ્રત્યક્ષસંવેદ્ય : અનુગાંધી યુગ

**22.** સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) નરસિંહરાવ : કવિતા, વિવેચન, રેખાચિત્ર, ડાયરી

(B) નૃસિંહ વિભાકર : નાટક, નવલકથા, કવિતા, નિબંધ

(C) વિનોદિની નીલકંઠ : નવલકથા, નવલિકા, ચરિત્ર, બાળસાહિત્ય

(D) બટુભાઈ ઉમરવાડિયા : એકાંકી, નવલિકા, કવિતા, રેખાચિત્ર

**23.** સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) એરિસ્ટોટલ : રૂપાંતર, વૃત્તિ વિમોચન, પ્રસ્તુતિ, વાગ્મિતા

(B) લોન્જાઈનસ : ઊર્જિતતા, અલંકારવૈભવ, પુનરૂક્તિ, ભાવાવેગ

(C) વર્ડઝવર્થ : અંગતતા, ભાવોદ્રેક, સંગીતમયતા, ચિત્તસ્વસ્થતા

(D) એલિયટ : સહસંબંધકતા, પ્રશિષ્ટતા, જીવનલક્ષિતા, અંતઃસ્ફુરણા

**24.** સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) નવલરામ : કેળવણીકાર, કવિ, નાટકકાર, નવલકથાકાર

(B) રણછોડભાઈ : નાટકકાર, છંદશાસ્ત્રી, અનુવાદક, ઈતિહાસકાર

(C) મહીપતરામ : નિબંધકાર, નવલકથાકાર, સંપાદક, ચરિત્રકાર

(D) દલપતરામ : કવિ, નિબંધકાર, નાટકકાર, સંપાદક

**25.** નીચેનાં વિધાનોને યથાર્થતાની દૃષ્ટિએ તપાસો :

અ. દ્વંદ્વ સમાસમાં સમાન વ્યાકરણી મોભ્ભો ધરાવતાં પદોનું જોડાણ હોય છે.

બ. ઉપપદ સમાસમાં પૂર્વ અને ઉત્તર પદ આખ્યાતિક હોય છે.

(A) અ અને બ બન્ને સાચાં છે. (B) અ અને બ બન્ને ખોટાં છે.

(C) અ સાચું છે અને બ ખોટું છે. (D) અ ખોટું છે અને બ સાચું છે.

**26.** નીચેનાં વિધાનોને યથાર્થતાની દૃષ્ટિએ તપાસો :

અ. 'પ્રવીણ'નો અર્થ 'કોઈપણ કામમાં નિષ્ણાત' એવો થતાં અર્થસંકોચ થાય છે.

બ. 'નેત્ર' નો અર્થ 'આંખ' થતાં અર્થવિસ્તાર થાય છે.

(A) અ અને બ બન્ને સાચાં છે. (B) અ અને બ બન્ને ખોટાં છે.

(C) અ સાચું છે અને બ ખોટું છે. (D) અ ખોટું છે અને બ સાચું છે.

**27.** નીચેનાં વિધાનોને યથાર્થતાની દૃષ્ટિએ તપાસો :

અ. 'વડીલોને વંદન કરવા જોઈએ'માં ક્રિયાપદનો નિશ્ચયાર્થ પ્રગટ થાય છે.

બ. 'રમેશથી નિશાળ જવાય છે'માં કર્મણિ પ્રયોગ જોવા મળે છે.

(A) અ અને બ બન્ને સાચાં છે. (B) અ અને બ બન્ને ખોટાં છે.

(C) અ સાચું છે અને બ ખોટું છે. (D) અ ખોટું છે અને બ સાચું છે.

**28.** નીચેનાં વિધાનોને યથાર્થતાની દૃષ્ટિએ તપાસો :

અ. અરબી ભાષા સેમેટિક કુળની છે.

બ. તુર્કી ભાષા આલ્તાઈક કુળની છે.

(A) અ અને બ બન્ને સાચાં છે. (B) અ અને બ બન્ને ખોટાં છે.

(C) અ સાચું છે અને બ ખોટું છે. (D) અ ખોટું છે અને બ સાચું છે.

**29.** નીચેનાં વિધાનોને યથાર્થતાની દૃષ્ટિએ તપાસો :

અ. 'હાલારી બોલી' નામનો શોધગ્રન્થ નરોત્તમ પલાણનો છે.

બ. 'કચ્છી શબ્દાવલિ' કોશના કર્તા શાંતિભાઈ આચાર્ય છે.

(A) અ અને બ બન્ને સાચાં છે. (B) અ અને બ બન્ને ખોટાં છે.

(C) અ સાચું છે અને બ ખોટું છે. (D) અ ખોટું છે અને બ સાચું છે.

**30.** નીચેનાં વિધાનોને યથાર્થતાની દૃષ્ટિએ તપાસો :

અ. 'ગૃહારણ્ય' કૃતિના લેખક દર્શક છે.

બ. 'ગાંધારી' નવલકથાના લેખક કેશુભાઈ દેસાઈ છે.

(A) અ અને બ બન્ને સાચાં છે. (B) અ અને બ બન્ને ખોટાં છે.

(C) અ સાચું છે અને બ ખોટું છે. (D) અ ખોટું છે અને બ સાચું છે.

**31.** નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો :

**(A) :** નર્મદે 'રાજ્યરંગ' નામનો ગ્રંથ લખ્યો.

**(R) :** નર્મદ સક્રિય રાજકારણમાં રસ ધરાવતા હતા.

(A) (A) અને (R) બંને સાચાં છે. (B) (A) અને (R) બંને ખોટાં છે.

(C) (A) સાચું છે અને (R) ખોટું છે. (D) (A) ખોટું છે અને (R) સાચું છે.

**32.** નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો :

**(A) :** કુમુદસુંદરી સુભદ્રા નદીમાં તણાઈ જાય છે.

**(R) :** સરસ્વતીચન્દ્રના ચાલ્યા જવાથી કુમુદસુંદરી નદીમાં પડતું મૂકે છે.

(A) (A) અને (R) બંને સાચાં છે. (B) (A) અને (R) બંને ખોટાં છે.

(C) (A) સાચું છે અને (R) ખોટું છે. (D) (A) ખોટું છે અને (R) સાચું છે.

CAREERINDIA

**33.** નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો :

**(A) :** રસ નિષ્પન્ન થાય છે.

**(R) :** લોલ્લટના મતે રસોત્પત્તિનું મૂળ અનુમાન છે.

(A) (A) અને (R) બંને સાચાં છે.

(B) (A) અને (R) બંને ખોટાં છે.

(C) (A) સાચું છે અને (R) ખોટું છે.

(D) (A) ખોટું છે અને (R) સાચું છે.

**34.** નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો :

**(A) :** વ્યાકરણના જાણકારો ઉત્તમ ધ્વનિવાદીઓ છે.

**(R) :** વ્યાકરણમાં જ ધ્વનિનો સમાવેશ થઈ જાય છે.

(A) (A) અને (R) બંને સાચાં છે.

(B) (A) અને (R) બંને ખોટાં છે.

(C) (A) સાચું છે અને (R) ખોટું છે.

(D) (A) ખોટું છે અને (R) સાચું છે.

**35.** નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો :

**(A) :** પુષ્કર ચંદરવાકરે સુંદર લોકગીતો રચ્યાં.

**(R) :** પુષ્કર ચંદરવાકરે શૈશવકાળથી લોકગીતો સાંભળ્યાં હતાં.

(A) (A) અને (R) બંને સાચાં છે.

(B) (A) અને (R) બંને ખોટાં છે.

(C) (A) સાચું છે અને (R) ખોટું છે.

(D) (A) ખોટું છે અને (R) સાચું છે.

**36.** નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો :

**(A) :** ન્હાનાલાલને ડોલનશૈલીમાં ગયા વિના કોઈ વિકલ્પ નહોતો.

**(R) :** ન્હાનાલાલને છંદો બરાબર ફાવતા નહોતા.

(A) (A) અને (R) બંને સાચાં છે.

(B) (A) અને (R) બંને ખોટાં છે.

(C) (A) સાચું છે અને (R) ખોટું છે.

(D) (A) ખોટું છે અને (R) સાચું છે.

**37.** નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો :

**(A) :** બ.ક. ઠાકોરે વિચારપ્રધાન કવિતાની જિકર કરી.

**(R) :** બ.ક. ઠાકોર ઊર્મિતત્ત્વના વિરોધી હતા.

(A) (A) અને (R) બંને સાચાં છે.

(B) (A) અને (R) બંને ખોટાં છે.

(C) (A) સાચું છે અને (R) ખોટું છે.

(D) (A) ખોટું છે અને (R) સાચું છે.

**38.** બંને યાદીની વિગતો સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| | I | | II |
|---|---|---|---|
| a. | મોહનભાઈ પટેલ | 1. | આર્યપુત્ર |
| b. | ચન્દ્રકાન્ત શેઠ | 2. | સનાતન યાત્રી |
| c. | રાજેન્દ્ર શાહ | 3. | કિરાત વકીલ |
| d. | સુરેશ દલાલ | 4. | રામ વૃંદાવની |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 4 | 2 | 3 | 1 |
| (B) | 2 | 4 | 1 | 3 |
| (C) | 3 | 1 | 2 | 4 |
| (D) | 2 | 1 | 4 | 3 |

**39.** બંને યાદીની વિગતો સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| | I | | II |
|---|---|---|---|
| a. | પ્રવીણ દરજી | 1. | પ્રત્યગ્ર |
| b. | ઉમાશંકર જોશી | 2. | પ્રથમ |
| c. | સતીશ વ્યાસ | 3. | પ્રતિશબ્દ |
| d. | મહેન્દ્રસિંહ પરમાર | 4. | પ્રતિમુખ |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 1 | 3 | 4 | 2 |
| (B) | 3 | 2 | 1 | 4 |
| (C) | 2 | 1 | 3 | 4 |
| (D) | 1 | 4 | 2 | 3 |

**40.** બંને યાદીની વિગતો સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| | I | | II |
|---|---|---|---|
| a. | ભોગીલાલ સાંડેસરા | 1. | ઉત્સર્ગમાળા |
| b. | હરિવલ્લભ ભાયાણી | 2. | મૈત્રકકાલીન ગુજરાત |
| c. | હરિપ્રસાદ શાસ્ત્રી | 3. | શબ્દ અને અર્થ |
| d. | વ્રજલાલ શાસ્ત્રી | 4. | કાવ્યમાં શબ્દ |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 2 | 1 | 3 | 4 |
| (B) | 3 | 4 | 2 | 1 |
| (C) | 3 | 2 | 1 | 4 |
| (D) | 4 | 3 | 2 | 1 |

CAREERINDIA

**41.** બંને યાદીની વિગતો સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | II |
|---|---|
| a. જયમલ પરમાર | 1. ચારણી સાહિત્યપ્રદીપ |
| b. હસુ યાજ્ઞિક | 2. મધ્યકાલીન કથાસાહિત્ય |
| c. રતુદાન રોહડિયા | 3. લોકસાહિત્ય |
| d. નરોત્તમ પલાણ | 4. આપણી લોકસંસ્કૃતિ |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 4 | 1 | 3 | 2 |
| (B) | 2 | 3 | 1 | 4 |
| (C) | 4 | 2 | 1 | 3 |
| (D) | 1 | 3 | 4 | 2 |

**42.** બંને યાદીની વિગતો સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | II |
|---|---|
| a. નિર્ઝરી | 1. ફકીરમહંમદ મન્સૂરી |
| b. ગીતિકા | 2. મનુભાઈ ત્રિવેદી |
| c. સુરતા | 3. પૂજાલાલ |
| d. ઈજન | 4. હસિત બૂચ |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 3 | 4 | 1 | 2 |
| (B) | 4 | 1 | 3 | 2 |
| (C) | 3 | 1 | 2 | 4 |
| (D) | 4 | 3 | 2 | 1 |

**43.** બંને યાદીની વિગતો સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | II |
|---|---|
| a. વર્તમાન કૃદન્ત | 1. તમે કામ પુરૂં કરીને આવજો. |
| b. સંબંધક ભૂત કૃદન્ત | 2. તે તો અહીંથી જનાર હતો ને ? |
| c. વિધ્યર્થ કૃદન્ત | 3. તે ચાલતાં ચાલતાં લપસી ગઈ. |
| d. ભવિષ્ય કૃદન્ત | 4. વક્તાએ પૂર્વતૈયારી કરવી જોઈએ. |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 3 | 1 | 4 | 2 |
| (B) | 2 | 3 | 1 | 4 |
| (C) | 3 | 2 | 4 | 1 |
| (D) | 4 | 3 | 2 | 1 |

www.careerindia.com

CAREERINDIA

**44.** બંને યાદીની વિગતો સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| | I | | II |
|---|---|---|---|
| a. | અનિલ ચાવડા | 1. | ખારાં ઝરણ |
| b. | અંકિત ત્રિવેદી | 2. | સવાર લઈને |
| c. | ચિનુ મોદી | 3. | તાંબુલ |
| d. | હરીશ મીનાશ્રુ | 4. | ગઝલપૂર્વક |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 2 | 1 | 4 | 3 |
| (B) | 2 | 4 | 1 | 3 |
| (C) | 3 | 2 | 1 | 4 |
| (D) | 1 | 3 | 2 | 4 |

**45.** બંને યાદીની વિગતો સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| | I | | II |
|---|---|---|---|
| a. | સ્ત્રીજીવન | 1. | શિવગૌરી ગજ્જર |
| b. | સ્ત્રીહિતોપદેશ | 2. | મનુભાઈ જોધાણી |
| c. | વનિતાવિજ્ઞાન | 3. | જયકૃષ્ણ વર્મા |
| d. | સુંદરીસુબોધ | 4. | રામમોહનરાય દેસાઈ |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 3 | 4 | 2 | 1 |
| (B) | 1 | 3 | 4 | 2 |
| (C) | 2 | 3 | 1 | 4 |
| (D) | 4 | 2 | 3 | 1 |

com

ગદ્યખંડ નીચે આપેલા પ્રશ્નોનાં યોગ્ય ઉત્તરો આપો :

ભાષાની મોટી મુશ્કેલી તે શ્રુતવૈનષ્ટતાની છે. શબ્દ સાંભળ્યા ને હવામાં ઉડી ગયા. એનો અર્થ ગ્રહણ થયો ન થયો ને ઊડી ગયો. સ્મૃતિમાં શબ્દો જડાઈ રહેતા નથી કે તેનું આવર્તન કરી અર્થનો બોધ કે પર્યાપ્ત અનુભવ થાય. બોલનારે એના એ શબ્દો ફરી બોલવા જોઈએ તો અર્થગ્રહણ સરળ બને. ચક્ષુગોચર કોઈ પદાર્થ હોય તો બરોબર ગોઠવી મૂકી રાખીએ, એને ચોકઠામાં જડી રાખીએ, જેથી જ્યારે માગીએ ત્યારે એ ગોચર રહે. શબ્દમાં આવી સ્થિરતા નથી. એમાં અભંગુરતા લાવવા કવિએ સમયના એકમનો ઉપયોગ કર્યો. એ એકમમાં પણ નિશ્ચિત લય આવ્યો - પ્રયત્નવ્યવસ્થાથી કે લઘુગુરૂશ્રુતિવ્યવસ્થાથી. લયાન્વિત પદ્યરચનાથી કવિને પોતાના ભાવવિચારને, તેના અંશેઅંશને શક્ય તેટલી મૂર્તતા આપવાનું સાધન મળ્યું. ખરેખર મૂર્તતા; માત્ર આવિષ્કાર નહીં. શબ્દમાં મૂકેલી વસ્તુ આવિષ્કાર તો પામે છે, પણ લયવાહી પદ્યરચનામાં તે સદૈવગોચર મૂર્તિવિધાન પામે છે. લયના અંશે અંશનો પરસ્પર સંબંધ એવો નિશ્ચિત છે કે ભાવના અંશે અંશ ઉપર, ભાવગતિ ઉપર, ધ્યાન કેન્દ્રિત કરવું હોય તો હવે થઈ શકે. અદૃઢને દૃઢ રૂપ આપવાની, પ્રવાહીને સ્થિર રૂપ આપવાની - અને તે પણ શબ્દના લક્ષણને બદલ્યા વિના - આ અલૌકિક ઘટના કે સિદ્ધિ જેવી બીજી સંસ્કૃતિની સૂક્ષ્મ ઘટના ભાગ્યે જ હશે. મનુષ્યે વાણીને આમ બૃહતી, મહી બનાવી છે.

46. ભાષાની મોટી મુશ્કેલી કઈ છે ?
(A) સાંભળી શકાતી નથી.
(B) સાંભળીને ભૂલી જવાય છે.
(C) સાંભળવી અઘરી બને છે.
(D) સાંભળવાથી બધિરતા આવે છે.

47. શબ્દની પ્રકૃતિ કેવી છે ?
(A) અકળ
(B) ગોચર
(C) સ્થિર
(D) ચલ

48. શબ્દને મૂર્તત્વ આપવાનો કવિકીમિયો કયો છે ?
(A) વિશિષ્ટ સુનિયોજિત આરોહ-અવરોહવાળી પદાવલિ
(B) ભાવનું વૈવિધ્ય
(C) શબ્દોનું વૈપુલ્ય
(D) મનનવ્યાપાર

49. ગદ્યખંડમાં કયા ઈન્દ્રિયવ્યાપારની તુલના છે ?
(A) બુદ્ધિ અને આત્મા
(B) હાથ અને પગ
(C) આંખ અને કાન
(D) મન અને સંવિદ

50. ભાષાને વિશિષ્ટ બનાવવાની કવિની પ્રક્રિયા કેવી છે ?
(A) શબ્દમાં તોડફોડ કરવાની
(B) શબ્દને પ્રવાહી બનાવવાની
(C) શબ્દના લક્ષણને યથાવત્ રાખવાની
(D) શબ્દને અમૂર્ત બનાવવાની

**Space For Rough Work**

www.careerindia.com